PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૮/કવા–૦૩/૧૮–૧૯/ 2388-91 તા. 27-3-19

રજી. એ.ડી પત્ર

પ્રતિ,

રામજીભાઈ વાલજીભાઈ પરમાર,

માંગરોળ,

રાજહંસ ટ્રાન્સપોર્ટ એસબીઆઇ ની સામે

તાલુકો માંગરોળ જિલ્લો – જૂનાગઢ

પીનકોડ-૩૬૨૨૪૫

વિષય :–હુકમ સામે અપીલ બાબત

સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૧૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૮/કવા–૦૩/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)

કા.વા. કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....) 8

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ,માંગરોલ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વિભાગીય કચેરી, માંગરોળ

(૪) અરવિંદભાઈ વાલજીભાઈ પરમાર - રાજહંસ ટ્રાન્સપોર્ટ – ટાવર રોડ, તાલુકો માંગરોળ જિલ્લો – જૂનાગઢ

: - આપની અરજી તા. ૧૦-૧૨-૧૮ અન્વયે - આપની જાણ સારૂ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

E-Mail- **forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૮/ક્વા–૦૩/૧૮–૧૯/** 7388-1 **તા.** 27-03-19.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૫૮/ક્વા–૦૩/૧૮–૧૯**

અરજદાર: **રામજીભાઈ વાલજીભાઈ પરમાર** ગામ: માંગરોળ

રજૂઆત કરનાર: અરજદાર **રામજીભાઈ વાલજીભાઈ પરમાર** અને અરજદાર શ્રી ના ભાઈ શ્રી અરવિંદભાઈ વાલજીભાઈ **પરમાર** હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: **કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ,માંગરોલ**

રજૂઆત કરનાર: **વી.જી.રાઠોડ - નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી ,માંગરોલ**

## :: ફોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ - એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ~~રાજકોટ~~ જુનાગઢ

તારીખ: ૧૯/૦૩/૨૦૧૯

૧.૦ **સદર કેસની સુનાવણી તા. ૧૯/૦૩/૨૦૧૯ ના રોજ નક્કી કરવામાં આવેલ - અને ત્યારે સદર કેસની સુનાવણી કરવામાં આવેલ.**

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની અરજી ના નોંધણી નંબર :૫૮/ક્વા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, અરજદાર **રામજીભાઈ વાલજીભાઈ પરમાર**– ગામ:**માંગરોળ** તેઓની અરજી ના નોંધણી નંબર :૫૮/ક્વા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓની ભાડા વાળી દુકાન – માંગરોળ નગર પાલીકા ની હદમાં – ટાવર રોડ –૦૪ ચોક પાસે – સીટી સર્વે નંબર: ૭૭૯૩ – વાળી મીલ્કત માં રાજહંસ ટ્રાન્સપોર્ટ થી ધરાવે છે. – જેના મુળ માલીક ઉર્મીલાબેન મણીલાલ ની માલીકી છે. જે મીલ્કત ઉર્મીલાબેને ૧૯૮૧ માં ભાડા ચીઠઠી કરી આપેલ હોય – જેના આધારે વાણીજય જોડાણ મેળવેલ જેના ગ્રાહક નં.–૮૦૫૦૪/૦૧૧૩૫/૯ થી ધરાવે છે. તેઓ તેમના નાનાભાઈ અરવિંદભાઈ **વાલજીભાઈ પરમાર**,જેને સમયે ૧૯૯૨ થી ૧૯૯૪ સુધીમાં અભ્યાસ કરતા હોવાથી – તેઓના રાજહંસ ટ્રાન્સપોર્ટ ના વ્યવસાય મા સાથે રાખેલ – ત્યારબાદ સંચાલન કરવા લાગેલ – સદર દુકાન મુળ માલીક ઉર્મીલાબેને તેઓને વેચાણ થી આપેલ. તેમા અરજદાર ના માતુશ્રી મોંઘીબેન તથા તેમના ભાઈ અરવિંદભાઈ ના નામે ભેળી વેચાણથી લીધેલ. વર્ષ–૨૦૧૨ મા અરવિંદભાઈ **વાલજીભાઈ પરમાર**, દ્વારા સદર વીજજોડાણ ને તેઓના નામે નામ બદલી કરાવી નાખેલ. જેથી, અરજદારે તા.૨૭-૧૧-૧૭ ના રોજ સદર વીજજોડાણ ના નામ બદલી બાબતે વાંધા અરજી આપેલ. જેના જવાબ મા

પીજીવીસીએલ દ્વારા જણાવેલ કે – અરવિંદભાઈ વાલજીભાઈ પરમાર,ને તા.૦૬–૦૬–૧૮ ના રોજ રજીસ્ટર્ડ ટપાલ દ્વારા સદર વાંધા અરજી ના અનુસંધાને – જરૂરી આધાર–પુરાવા દિન–૧૫ મા રજુ કરવા જણાવેલ – પરંતુ, કોઈ દસ્તાવેજીક પેપર્સ રજુ કરેલ નથી. સદર વાંધા અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ દ્વારા લેખીત જવાબ તા.૨૩–૧૦–૧૮ ના રોજ આપેલ – જેમા જણાવેલ કે સદર વીજજોડાણ મા નામ બદલી કંપની ના નિયમાધીન રીતે કરેલ છે, અને સદર ફરીયાદ અરજદાર ની લેખીત સંમંતી થી જ નામ બદલી કરેલ છે. પરંતુ, અરજદાર દ્વારા જણાવેલ કે – તેઓએ સદર બાબતે કોઈ સંમંતી આપેલ નથી. જેથી, તેઓનુ વાણીજ્ય હેતુ માટે નુ વીજજોડાણ નં.: ૮૦૫૦૪/૦૧૧૩૫/૯ જે ખોટી રીતે અરવિંદભાઈ વાલજીભાઈ પરમાર,ના નામે નામ બદલી કરાયેલ છે, જે તેઓના નામે નામ બદલી કરી આપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી રામજીભાઈ વાલજીભાઈ પરમાર દ્વારા તેમના ભાઈ શ્રી અરવિંદભાઈ વાલજીભાઈ પરમાર ના નામે નામ ટ્રાન્સફર થયેલ વાણિજ્ય હેતુ માટે ગ્રાહક નં.૮૦૫૦૪/૦૧૧૩૫/૯ થી આવેલ વિજ કનેકસન ફરી તેમના નામે ટ્રાન્સફર કરવા બાબત અરજી આપની ફોરમ ની નોંધણી નં.૫૮/કવા-૦૩/૧૮-૧૯ થી નોંધવામાં આવેલ છે.

૩.૧ શ્રી રામજી વાલજી પરમાર અત્રેની કચેરી નું વાણીજ્ય હેતુ માટેનું ગ્રાહક નં.૮૦૫૦૪/૦૧૧૩૫/૯ થી રામજી વાલજી પરમાર ના નામનું વિજ કનેકસન ધરાવતા હતા સદર કનેકસન રામજી વાલજી પરમાર ના નામેથી અરવિંદ વાલજીભાઈ પરમાર એટલે કે શ્રી રામજી વાલજી પરમાર ના ભાઈ દ્વારા નામ ટ્રાન્સફર કરાવવા માટે તા. ૦૨.૦૧.૨૦૧૩ ના રોજ અરજી આપવામાં આવેલ જેમાં જરૂરી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ. જેમાં શ્રી રામજી વાલજી પરમારની નામ ફેર કરવા અંગેની સહમતી પણ આપવામાં આવેલ છે. જેના આધારે નિયમ મુજબ સદર વિજ કનેકસન રામજી વાલજી પરમાર ના નામેથી અરવિંદ વાલજીભાઈ પરમાર ના નામે ટ્રાન્સફર કરવામાં આવેલ. નામ ટ્રાન્સફર આપવામાં આવેલ ડોક્યુમેન્ટ આ સાથે સામેલ છે.

૩.૨ ત્યારબાદ તા. ૨૭.૧૧.૨૦૧૭ ના રોજ રામજીભાઈ વાલજીભાઈ પરમાર દ્વારા તેમના નામનું સદર વિજ કનેકસન તેમના નામેથી નામ ટ્રાન્સફર થવાની સામે વાંધા અરજી અત્રેની કચેરી માં રજુ કરવામાં આવેલ. અરજી માં જણાવેલ કે તેમની સંમતી વગર કંપની દ્વારા તેમનું વિજ કનેકસન નું નામ ટ્રાન્સફર કરવામાં આવેલ છે. જે ફરીથી તેમના નામે કરી આપવા વિનંતી કરવામાં આવેલ. આથી તા.૧૬.૦૧.૨૦૧૮ ના રોજ શ્રી રામજીભાઈ વાલજીભાઈ પરમારને જણાવેલ કે આપની સંમતિ થી સદર કનેક્સનમાં નામ ટ્રાન્સફર ની કાર્યવાહી કરવામાં આવેલ છે. ત્યારબાદ તા. ૦૧.૦૬.૨૦૧૮ ના દિવસે પેટા વિભાગીય કચેરી દ્વારા પેનલ એડવોકેટ શ્રી કે.બી.પરમાર માંગરોળ નો કાનૂની અભિપ્રાય માંગવામાં આવેલ. ૦૧.૦૬.૨૦૧૮ ના પેનલ એડવોકેટ શ્રી કે.બી. પરમાર દ્વારા કાનૂની અભિપ્રાય આપવામાં આવેલ. જેમાં જણાવેલ કે કંપની દ્વારા યોગ્ય પ્રકિયા કરી કાયદેસર નામ ટ્રાન્સફર કરવામાં આવેલ છે. જેથી હાલ નું કનેકસન જે સ્થતિ માં છે તે સ્થતિ માં રાખવાનો અભિપ્રાય આપવામાં આવેલ. જેની નકલ આ સાથે સામેલ છે.

૩.૩ સદર બાબતે ઉપરોક્ત અહેવાલ ના અનુસંધાને જણાવવાનું કે અરજદાર રામજી વાલજી પરમાર જે ભાડુઆત તરીકે ઉપરોક્ત વાણિજ્ય હેતુ માટેનું વિજ કનેકસન ધરાવતા હતા તે જગ્યા તેમના ભાઈ શ્રી અરવિંદ વાલજી પરમાર દ્વારા અને તેમના માતૃ શ્રી દ્વારા મુળ માલિક ઉર્મિલાબેન મણીલાલ મદાણી પાસેથી સને-૧૯૮૫ માં વેચાણ લઈ લેવામાં આવેલ અને નામફેર ની અરજી તા.૧૬.૦૮.૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ જેમાં શ્રી રામજી વાલજી પરમાર દ્વારા સંમતી આપવામાં આવેલ જેના આધારે સદર વિજ કનેકસન શ્રી અરવિંદ વાલજી પરમાર ના નામે નામફેર કરવામાં આવેલ. અને અરવિંદભાઈ દ્વારા માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૩ થી આજ સુધી નિયમિત વિજ બીલો ભરપાઈ કરવામાં આવે છે.

૩.૪ સદર કનેકસન માં પોતાની સંમતી આપવામાં આવેલ નથી તેમ જણાવી પાંચ વર્ષ બાદ અત્રેની કચેરીમાં વાંધા અરજી કરવામાં આવેલ.જેનાથી જણાઈ આવેલ કે છેલ્લા પાંચ વર્ષ થી શ્રી અરવિંદભાઈ વાલજીભાઈ પરમાર કંપની ના વિજ બિલ ભરતા હતા સદર અરજી બન્ને ભાઈઓના અંગત મનદુઃખ ને કારણે આપવમાં આવેલ તે સ્પષ્ટ જણાઈ આવતા પ્રથમ કંપની દ્વારા અરજદાર ને જણાવેલ કે તેમની સંમતી રેકર્ડ પર હોય કંપની દ્વારા નામફેર નિયમાનુસાર કરવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર દ્વારા સદર બાબતે સોગંધનામું રજુ કરતા તેમના ભાઈ અને અત્રેના ગ્રાહક શ્રી અરવિંદભાઈ વાલજીભાઈ પરમાર ને કંપની દ્વારા નોટીસ મોકલવામાં આવેલ જેના તેમના દ્વારા યોગ્ય પ્રત્યુત્તર આપવામાં આવેલ જેની તમામ જાણ અરજદાર ને કરવામાં આવેલ. આ સિવાય સદર બાબતે અત્રેની કચેરી દ્વારા વિભાગીય કચેરી માંગરોળ નું સ્પષ્ટ માર્ગદર્શન માંગવામાં આવેલ.અને તે મુજબ પેનલ એડવોકેટ નો કાનૂની અભિપ્રાય લેવામાં આવેલ. આમ, અરજદાર ને સંતોષ આપવા ખુબ લાંબી પ્રોસીજર ના અંતે જણાવેલ કે સદર કેસ માં નામફેર ની પ્રક્રિયા નિયમોનુસાર કરવામાં આવેલ છે.તેમની અરજી દફતરે કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ **અને** પેરા નં ૩.૦ થી ૩.૪ અન્વયે ની સદર જોડાણમાં વર્ષ–૧૯૮૧ માં મૂળ માલીક શ્રી **ઉર્મિલાબેન મણીલાલ મદાણી** ના ભાડુઆત તરીકે શ્રી **રામજીભાઈ વાલજીભાઈ પરમાર** ના નામે નામ બદલી સાથે રીલીઝ **કરાયેલ** હતુ. સદર દુકાન મૂળ માલીક શ્રી **ઉર્મિલાબેન મણીલાલ મદાણી** દ્વારા વર્ષ–૧૯૮૫ માં અરજદાર ના માતૃશ્રી મોંઘીબેન તથા તેમના ભાઈશ્રી **અરવિંદભાઈ વાલજીભાઈ પરમાર** ના નામે જરૂરી વેચાણ દસ્તાવેજ થી **સંયુકત માલીકી**એ વેચાણ **કરાયેલ** હતી. ત્યારબાદ અરજદારના માતૃશ્રી મોંઘીબેનનુ વર્ષ–૧૯૯૪ માં અવસાન થયેલ. ત્યારબાદ એક તબ્બકે વર્ષ–૨૦૧૨ માં પીજીવીસીએલ કંપની ની નિયમાધીન રીતે – શ્રી **અરવિંદભાઈ વાલજીભાઈ પરમાર** દ્વારા સદર જોડાણ ને શ્રી **રામજીભાઈ વાલજીભાઈ પરમાર** ના નામ પરથી નામ બદલી કરવા માટે જરૂરી દસ્તાવેજીક પેપર્સ સાથે – પીજીવીસીએલ માં અરજી **કરાયેલ** છે. જે તે સમયે નિયમ મુજબ – જુના ગ્રાહક શ્રી **રામજીભાઈ વાલજીભાઈ પરમાર** ના નામ બદલી ના ફોર્મ માં તથા અલગથી સંમતી મેળવીને પીજીવીસીએલ દ્વારા **અરવિંદભાઈ વાલજીભાઈ પરમાર** ના નામે નામ બદલી **કરાયેલ** છે. સદર જોડાણ માં નામ

બદલી ની કાર્યવાહી પીજીવીસીએલ ની નિયમાધીન રીતે **કરાયેલ** છે. આવા સંજોગોમાં અરજદાર શ્રી **રામજીભાઈ વાલજીભાઈ પરમાર** ની સદર અરજી ગ્રાહય રાખી શકાય નહી. જે **બાબત** ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા માટે નો સદર કેઈસ મા હુકમ **કરાયેલ** છે.

૪.૨ અરજદારની ફરિયાદનો આ તબક્કે નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી. પારેખ) | (એન. ડી. ધામેલીયા) |
| **સ્વતંત્ર સભ્ય** | **ચેરપર્સન** | **સભ્ય (ટેક)** |
| **ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** | **ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** | **ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** |

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯